# પાટણ જિલ્લામાં દૂધ ઉત્પાદનની સંભાવના અને તેના પ્રશ્નો

ભરતભાઈ પી. ચૌધરી

## ૧. પૂર્વભૂમિકા

ભારતનું અર્થતંત્ર ખાસ કરીને ખેતી પર આધારીત છે. રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં વધુ ફાળો આપવા ઉપરાંત ખેતીક્ષેત્રને કાચોમાલ પૂરો પાડે છે. વધતી જતી વસ્તીના સંદર્ભમાં અન્ન ઉત્પાદનની દ્દષ્ટ્રિએ પણ કૃષિક્ષેત્ર પોતાનું આગવુ મહત્વ ધરાવે છે. પરંતુ વર્તમાન પરિસ્થિતી જોતા ભારત ખેતી પ્રધાન દેશ હોવા છતાં માત્ર ખેતીનો જ વિકાસ કરીને આર્થિક વિકાસનો ઉંચો દર લાવી શકવાનું શકય નથી. કૃષિક્ષેત્રની સાથે સંકળાયેલી આનુષાંગિક પ્રવૃતિ પણ એટલી જરૂરી જણાય છે. ખેતીક્ષેત્રના વિકાસ માટે જેમ 'હરીયાળી ક્રાંતિ' નું ક્રાંતિકારી પગલુ ભરવામાં આવ્યું છે. તેમ પશુપાલન અને ડેરી ઉદ્યોગના વિકાસ માટે આઝાદી બાદ 'શ્વેતક્રાંતિ'નું પગલું ભરવામાં આવ્યું છે.

ભારત પાસે વિશ્વનું પ્રથમ નંબરનું પશુધન છે. જેમાં મુખ્યત્વે ગાયવર્ગ, ભેંસવર્ગ, ઘેટાવર્ગ અને બકરીવર્ગ ઉપરાંત ઘોડા–ગધેડા, ખચ્ચર, ઊંટ, ભૂંડ વગેરે વર્ગના પશુધન પણ નોંધપાત્ર માત્રામાં છે. આ પશુઓ ભારતીય ગ્રામીણ અર્થતંત્રમાં પ્રત્યક્ષ રીતે અને શહેરી અર્થવ્યવસ્થામાં પરોક્ષ રીતે મહત્વનો ભાગ ભજવે છે. ભારત કે ગુજરાત રાજયના અમુક મર્યાદિત વિસ્તારોમાં પાયાનું માળખું વિકસ્યું હોવાથી તે વિસ્તારોમાં દૂધ ઉત્પાદન ઘણું વધી શકયું છે. પરંતુ તે માળખાને સર્વગ્રાહી બનાવવામાં આવશે તો જ દૂધની ભવિષ્યની સંભવિત માંગ, ગ્રામીણ રોજગારી વગેરેને પહોંચી વળી શકાશે.

પાટણ જિલ્લા પૂરતી મર્યાદિત ચર્ચા કરવામાં આવે છે. જેમાં સાત તાલુકાઓમાંથી સમી, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓમાં દૂધ ઉત્પાદન નહિવત છે, જે તાલુકાઓની સાપેક્ષમાં ચાણસ્મા, પાટણ, સિધ્ધપુર અને હારીજ તાલુકાઓમાં થોડુંક વધુ દૂધ પેદા થાય છે. જે તાલુકાઓમાં દૂધ ઉત્પાદન વધ્યું છે ત્યાં પશુપાલન અંગે વિકાસ જોવા મળે છે. તેનું કારણ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજીકલ સેવાઓનો અને એનિમલ મેનેજમેન્ટ છે. આ સેવાઓનો વ્યાપ જોતા પાટણ જિલ્લા દૂધ ઉત્પાદન વધવાની શકયતા છે, પરંતુ તેની સાથે જ કેટલાંક પ્રશ્નો પણ સંકળાયેલા છે. જેના અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

## ૨. હેતુઓ

૧. દૂધ ઉત્પાદનની સંભાવના માટેનું માળખુ તપાસવું
૨. દૂધ ઉત્પાદનને અસરકરતાં પરીબળો ઓળખવા.
૩. દૂધ ઉત્પાદનના પ્રશ્નો અને ઉકેલો ઓળખવા.

## ૩. દૂધ ઉત્પાદન માટે પાયનું માળખું

દૂધ ઉત્પાદનની સંભાવના અને તેના પ્રશ્નોને સમજવા માટે પાયાનું માળખું જાણવું મહત્વનું છે. જમીન પાક ઉત્પાદન માટેની ભૌગોલિક સ્થિતી, નદીઓ, તળાવો, વ્યવસાયિક માળખુ, સિંચાઈ, પાક વ્યવસ્થા, પશુધન અને પશુપાલક વર્ગ, દૂધનું બજાર, ટેકનોલોજી, સેવાઓ વગેરે દૂધ ઉત્પાદનમાં મહત્વનો ભાગ ભજવે છે.

### *૩.૧ પાક ઉત્પાદન માટે ભૌગોલિક સ્થિતી*

પાટણ જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૫૬૬૮૦૦ હેકટર છે. જે પેકી જંગલ વિસ્તાર ૪૬૫૦૦ હેકટર બિન ખેતી વિષયક ઉપયોગ લેખાયેલ જમીન ૪૫૨૯૯ હેકટર ઉજજડ અને ખેતી ન શકય જમીન ૧૫૫૦૦ હેકટર, કાયમી ચરણ અને અન્ય ચરણની જમીન ૨૮૩૦૦ હેકટર , ખેડવા લાયક જમીન ૧૪૦૦૦ હેકટર, અન્ય પડતર જમીન ૧૫ હેકટર, ચાલુ પડતર જમીન ૩૭૩૦૦ હેકટર અને ચોખ્ખો વાવેતર વિસ્તાર ૩૭૯૮૦૦ હેકટર છે. જિલ્લામાં જમીન રેતાળ, ગોરાડુ, મધ્યમ કાળી અને કેટલીક જગ્યાએ ક્ષારવાળી જોવા મળે છે. જેમાં સમી, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓમાં જમીન ઓછી નિતારવાળી છે. સરેરાશ જમીન બધા પાકો માટે અનુકૂળ છે.

***૩.૨ નદીઓ અને તળાવો*** પાટણ જિલ્લામાં મુખ્યત્વે સરસ્વતી તથા બનાસ નદી વહે છે. જે પૈકી સરસ્વતી પાટણ તાલુકામાં અને બનાસ નદી રાધનપુર અને સાંતલપુર તાલુકાઓમાં લઈને પસાર થાય છે. આ બંન્ને નદીઓ વરસાદ કે ચોમાસા પુરતી મર્યાદિત છે. નાના તળાવોની સંખ્યા વિશેષ છે જે પાણી સંગ્રહ માટે ખૂબ જ ઉપયોગી થાય તેમ છે.

### ૩.૩ વ્યવસાય
રાજયની ૬૦ ટકા વસ્તી ખેતીવાડી અને પશુપાલન પ્રવૃતિઓમાં રોકાયેલી છે. જયારે જિલ્લામાં ૬૭.૫ ટકા વસ્તી ખેતીવાડી પશુપાલન પ્રવૃતિઓમાં રોકાયેલી છે. આ જિલ્લામાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ વર્ષ ૨૦૦૧ પ્રમાણે ૭૯.૮૪ ટકા છે. જે પૈકી મોટા ભાગની વસ્તી ખેતી અને પશુપાલન ક્ષેત્રે રોકાયેલી છે. અન્ય વ્યવસાયો વેપાર, ખાણકામ, બાંધકામ, ગૃહ ઉદ્યોગ, વાહન વ્યહાર, સેવાઓ વગેરેમાં રોકાયેલો માનવ શ્રમ ફકત ૩૩ ટકા જ છે. આની સાપેક્ષમાં પશુપાલનના વ્યવસાયમાં રોજગારી અને કામનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. પરોક્ષ રોજગારી પણ વધુ શકય છે.

પાટણ જિલ્લામાં રાજયના ૫૮ લાખ ખેડૂતોની સરખામણીમાં પાટણ ૧.૫૨ લાખ છે. જયારે રાજયના ૫૨ લાખ ખેતમજૂરોની સરખામણીમાં પાટણ જિલ્લામાં ૧.૮૯ લાખની સંખ્યા છે. આપણે ત્યાં જમીનની અસમાનતા કોઈ નવી વાત નથી. આથી ઓછી જમીનમાંથી ખેતી દ્વારા પૂરતી રોજગારી અને આવક અહિ મળતા વધારાની રોજગારી મેળવવા કે વધુ આવક મેળવવા પશુપાલન વ્યવસાય તરફ આકર્ષાય તેવી સંભાવના છે.

### ૩.૪ સિંચાઈ
પાટણ જિલ્લામાં કુલ પાક વિસ્તાર ૩૧ ટકા સિંચાઈ હેઠળનો વિસ્તાર છે. જિલ્લામાં પિયતના સાધનોમાં તળાવ, કુવા, પતાળકુવા અને નહેરો છે. આ જિલ્લામાં પતાળ કૂવાની સંખ્યા વિશેષ છે. વર્ષ ૨૦૦૯–૧૦ ના આંકડાઓ અનુસાર સિંચાઈ માટે તળાવોની સંખ્યા ૬૭૦, કૂવાની સંખ્યા ૪૬૧૧, પતાળકૂવાની સંખ્યા ૧૦૪૨૮ તેમજ સિંચાઈ માટેના વિજળીપંપની સંખ્યા ૪૫૨૫ની છે. પાટણ જિલ્લામાં ચોખ્ખો વાવેતર વિસ્તાર ૩૭૯૮૦૦ હેકટર છે. જેમાંથી ૧૧૩૬૭૪ હેકટર સિંચાઈ હેઠળ છે. એટલે કે કુલ વાવેતર વિસ્તારના ૨૯.૯૩ ટકા વિસ્તાર સિંચાઈ હેઠળ છે.

### ૩.૫ પાક વ્યવસ્થા
આ જિલ્લામાં પાકનો ઢાંચો રાજયના પાકોના ઢોચા જેવો જ છે. જુવાર, બાજરી, ઘઉ, ચોખા, તુવેર, મગફળી, કપાસ આ વિસ્તારના મહત્વનાં પાકો છે. આ જિલ્લામાં અનાજ હેઠળના વાવેતર વિસ્તાર ૨૦૦૯–૧૦ ના આંકડાઓ અનુસાર ૨૦૯૬૭૮ હેકટર છે. જે વાવેતર હેઠળના ૫૬.૨૧ ટકા વિસ્તારમાં વેલાય છે. તેમજ કઠોળ ૪૩૭૮૧ હેકટર જે ૧૧.૬૪ ટકા વિસ્તારમાં લેવાય છે જયારે તેલીબીયા ૫૩૦૦ હેકટરમાં જે ૧૪.૨૮ ટકા વિસ્તારમાં લેવામાં આવે છે. આમ સૌથી વધુ વાવેતર વિસ્તાર અનાજ હેઠળ લેવાય છે.

### ૩.૬ પશુધન અને પશુપાલક વર્ગ
ઉત્તર ગુજરાત પાસે આગવું પશુધન છે. કાંકરેજી ગાય અને મહેસાણી ભેંસ ઉપરાંત ક્રોસબીડ ગાયોનો ઉછેર મહેસાણા અને પાટણ જિલ્લામાં થાય છે. વર્ષ ૨૦૦૭ની પશુ ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૭૯૭૫૪૮૧ ગાય વર્ગ અને ૮૭૭૩૫૬૯ ભેંસ વર્ગના પશુઓ છે. તે પેકી પાટણ જિલ્લામાં ૧૩૧૦૨૭ ગાય વર્ગ અને ૩૬૩૫૧૪ ભેંસ વર્ગના પશુઓ છે. આ ઉપરાંત પાટણ જિલ્લામાં ઘેટા, બકરાં અને ઉંટની સંખ્યા અનુક્રમે ૫૩૭૫૦, ૧૦૨૯૩૭, ૩૬૩૯ની છે. આ જિલ્લામાં કુલ ગાયોમાં વધુ દૂધ આપતી સંકરગાયોની સંખ્યા માત્ર ૭૪૩૯ની જ છે. અહી આવી ગાયોનું પ્રમાણ જો વધારવામાં આવે તો પણ દૂધ ઉત્પાદન વધી શકે છે, પરંતુ પશુપાલકોની ભેંસ પાલન તરફ વધુ દ્રષ્ટિ છે. આ જિલ્લામાં પશુપાલક વર્ગમાં રબારી અને ભરવાડ દેશી ગાયો રાખે છે. તેઓ હજુ પણ પરંપરાગત રીતે પશુપાલન કરે છે. તેમની પાસે ગાયોની સંખ્યા વિશેષ છે, પરંતુ દૂધનું ઉત્પાદન ઓછુ થાય છે. ભેંસ પાલકોમાં ખેત મજૂરો, સીમાંત અને નાના ખેડૂતો તથા મોટા ખેડૂતો મુખ્ય છે. જ્ઞાતિ મુજબ જોતા જણાય છે કે પટેલ, ઠાકોર હરીજન, ચૌધરી વગેરે ભેંસ પાલન વિશેષ કરે છે. વર્તમાનમાં ચૌધરી સમાજ સંકરગાયોની બાબતમાં મેનેજમેન્ટ કરતાં ઘણા સફળ થયા છે.

### ૩.૭ દૂધના બજારનો વિકાસ
આ જિલ્લામાં દૂધનું એકત્રીકરણ કરતી મુખ્ય બે ડેરીઓ છે. પાટણ, સિધ્ધપુર, ચાણસ્મા, હારીજ અને સમીમાં દૂધ સાગર ડેરી તથા રાધનપુરી અને સાંતલપુરમાં બનાસ ડેરી દ્વારા દૂધ એકત્રીકરણ કરવામાં આવે છે. આ જિલ્લામાં દૂધ મંડળીઓની સંખ્યા ૪૭૯ની છે જે પૈકી સૌથી વધુ દૂધ મંડળીઓ પાટણ તાલુકામાં છે. દૂધ મંડળીઓના સભ્યોની સંખ્યા ૧૨૨૫૬૭ ની છે અને કુલ દૂધ એકત્રીકરણ ૨૦૦૯–૧૦ નું ૧૫૫૨.૫૬ લાખ લીટર છે. આ જિલ્લામાં હારીજ, સમી, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓમાં દૂધ ઉત્પાદનનું પ્રમાણ ઘણુ ઓછું છે. આથી દૂધ ઉત્પાદન વધારવાની ઘણી શકયતાઓ રહેલી છે.

### ૩.૮ ટેકનોલોજીકલ સેવાઓ
દૂધના ટ્રાન્સપોર્ટ માટે જિલ્લામાં લગભગ તમામ ગામોને જોડતા રસ્તાઓ થઈ ગયા છે. આ જિલ્લામાં રાજય સરકાર, જિલ્લા પંચાયત અને દૂધ સાગર ડેરી દ્વારા પશુ સારવાર, કૃત્રિમ બીજદાન વગેરે સેવાઓ આપવામાં આવે છે. પશુઓના

જુદા જુદા રોગોનું નિદાન થઈ શકે તે માટે પશુરોગ નિદાન, પ્રયોગશાળા, બાયડની મદદથી ચાલે છે. દુધ સાગર ડેરી ટેકનિકલ સેવાઓનો લાભ દૂધ ઉત્પાદકો સુધી પહોંચાડવા માટે કેટલાંક કાર્યક્રમો પણ યોજે છે.

## ૪. દૂધ ઉત્પાદનને અસર કરતાં પરિબળો

દૂધ ઉત્પાદનને અસર કરતાં પરિબળોમાં મુખ્યત્વે પશુઓની જાતિ, ઓલાદ, દૂઝણા પશુઓની સંખ્યા, લીલા ઘાસચારાની સગવડ, ખાણદાણના વપરાશનું પ્રમાણ, દૂધના ભાવ, પશુઓની ચાકરી, પશુ વ્યવસ્થા વિષયક જાગૃતિ, નવિનીકરણ વગેરે દૂધ ઉત્પાદન પર અસર કરે છે. આ બધાં પરિબળો એકબીજાનાં પૂરક છે. દરેક પરિબળ પોઝિટિવ હોય તો દૂધ ઉત્પાદન વધવાની શકયતા ઘણી વધી જાય છે.

## ૫. દૂધ ઉત્પાદનના પ્રશ્નો અને તેના ઉપાયો

### *૫.૧ ગાયો–ભેંસોની નીચી ઉત્પાદકતા*

જિલ્લામાં પશુદીઠ પ્રતિદિન દૂધ ઉત્પાદન ક્ષમતા, ભેંસ, સંકરગાય અને દેશી ગાયમાં અનુક્રમે ૩.૯, ૮.૨ અને ૨.૯ કિ.ગ્રા. છે. જેની સરખામણીમાં ઓસ્ટ્રેલિયા ૧૬, હોલેન્ડ ૨૬ અને ઈઝરાયેલ ૩૧ લીટર છે. પરદેશમાં પશુદીઠ ઉત્પાદન ક્ષમતામાં વધારો કૃત્રિમ બીજદાનથી થયેલ છે. આમ આજીવન વધુ બચ્ચા, વધુ અને નિયમિત દુધ ઉત્પાદન અને વધુ નફો આપે છે. તેથી દેશી કાંકરેજી ગાયોની દુધ ઉત્પાદન ક્ષમતા વધારવાનો એક માર્ગ એચ. એફ. જર્સી જેવી વિદેશી ઓલાદો દ્વારા સંકર સંવર્ધન કાર્યક્રમને વ્યાપક બનાવવો જોઈએ. ઉપરાંત ઉત્તમ અને ઊંચા દૂધ ઉત્પાદનની આનુવંશિકતા ધરાવતી કાંકરેજી ગાયોના ગ્રેડિંગ અપ કાર્યક્રમને વ્યાપક બનાવવો જોઈએ. આ કાર્યક્રમોને આ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોના ગામડાંઓમાં સઘન રીતે અમલી બનાવવાથી તેનાં પરિણામો નિશ્ચિત સમયગાળામાં મેળવી શકાય.

### *૫.૨ ખેત મજૂરો અને ખેડૂતોના પ્રશ્નો*

આ જિલ્લામાં ખેતમજૂરો અને ખેડૂતોની સંખ્યા ઘણી વધારે છે. ખેતમજૂરો એકાદ બે ગાય કે ભેંસ રાખી ચરિયાણમાં ચરાવીને અને ખેડૂતોને ત્યાંથી ખતેમજૂરીએ જઈ મળવેલુ નિંદામણ શેઢાપાળા પરનું ઘાસ ખવરાવીને પશુપાલન કરીને દૂધ પેદા કરે છે. કેટલાંક ખેતમજૂરો દૂઝણાં ગાય–ભેંસને ખાણદાણ પણ ખવરાવે છે. પશુઓની દેખભાળ, ચરાવવાની કામગીરી સ્ત્રીઓ અને તેમનાં બાળકો કરે છે. જેના કારણે બાળકો શિક્ષણથી વંચિત રહે છે. દૂઝણાં પશુઓને જ તેઓ પોષણ આપે છે. વસૂકી ગયેલાં પશુઓ કે વોડકાં પાડાને પૂરતુ પોષણ આપતા નથી કેટલાંક તેમને છૂટા મૂકે છે. આવાં પશુઓમાં અનેક પ્રકારની બિમારીઓ હોય છે. જેથી તેમની દૂધ ઉત્પાદકતા ઘણી ઓછી હોય છે. સીમાંત ખેડૂતોના પશુઓમાં પણ કેટલાંક અંશે ખેતમજૂરોનું પશુપાલનના વ્યવસાય અંગેનું પ્રશિક્ષણ સઘન બનાવવામાં આવે તો આ પ્રશ્નોને હલ કરી શકાય.

### *૫.૩ પશુપાલનની પરંપરાગત પધ્ધતિ*

પાટણ જિલ્લામાં સમી, હારીજ, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓમાં રબારી, ભરવાડ વગેરે પશુપાલકો પરંપરાગત રીતે પશુપાલન કરે છે. તેમની પાસે ક્ષમતા કરતાં વધુ પશુઓ હોવાથી પશુ વ્યવસ્થા થઈ શકતી નથી. તેઓ જાહેર ચરિયાણો પર ગાયોને ચરાવીને દુધ મેળવે છે. તેમની પાસે જમીન મર્યાદિત છે અથવા બિલકુલ નથી. તેથી તેમણે ગૌચરની જમીનો પર વધુ આધાર રાખવો પડે છે. ગૌચરની જમીન પણ ખૂબ જ ઓછી થઈ ગઈ છે અને તેના ઘણા કારણો છે. ગૌચરના વિકાસ માટે લગભગ સંપૂર્ણ દુર્લક્ષ સેવાયુ છે. દૂષ્કાળ અને અછતનાં વર્ષોમાં તેમનાં પશુઓ માટે પોષણ, પાણી, વ્યવસ્થા વગેરે ઘણા પ્રશ્નો નડે છે. પરિણામે પશુઓના દુધ ઉત્પાદન પર ખરાબ અસર થાય છે. તેમનાં પશુઓનું દૂધ ઉત્પાદન વધારવા માટે પરંપરાગત પશુ સુધારણાની સામાજીક સ્તરેથી સર્વાગી વિકાસને લગતી યોજનાને સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી અમલી બનાવવી જોઈએ. આવી સંસ્થાઓ દ્વારા પશુપાલકોના સંપર્કમાં એન.જી.ઓ. સતત રહે, તેમના પ્રશ્નો સમજીને સામૂહિક ઉકેલો શોધે, વોટરશેડ જેવી યોજનાઓના માધ્યમ દ્વારા ગ્રામિણ એનિમલ બ્રીડિંગ અને મેનેજમેન્ટનું ઈકોનોમિકલ ધોરણે પશુપાલક માલધારીઓને શિક્ષણ આપે તો દુધ ઉત્પાદન અવશ્ય વધારી શકાય.

### *૫.૪ વરસાદની અનિયમિતતા અને દુષ્કાળ*

પાટણ જિલ્લામાં સરેરાશ વરસાદ વર્ષ ૨૦૦૯–૧૦ માં ૭૧૯ મી.મી. હતો. જે આવશ્યકતા કરતાં ઓછો રહે છે. તેમજ આ વરસાદ ઘણો અનિયમિત અને અનિશ્ચિત રહે છે. જેના કારણે પશુઓને લીલો ચારો પૂરતો અને નિયમિત મળતો નથી. આની અસર ખેડૂતો ઘણી ખરાબ થઈ જાય છે. પોષણ અને સંવર્ધન વગેરે પ્રશ્નો જટિલ બને છે. દૂષ્કાળ અને અછતની વારંવાર ઊભી થતી પરિસ્થિતી ઘાસચારાની અછત સર્જાય છે. જે સમસ્યાના નિવારણ માટે કાયમી ધોરણે સરકારે નાની નાની ઘાસ બેંકોને ઊભી કરવી જોઈએ કે જયાંથી દૂધ ઉત્પાદકોને અને પશુપાલકોને કામયી ધોરણે ઘાસચારો મળી રહે.

### ૫.૫ પાણીની સમસ્યા

પશુપાલનના વ્યવસાયમાં મીઠું પાણી મહત્વનું છે. પાટણ જિલ્લાના પાટણ, ચાણસ્મા, સિધ્ધપુર, સિધ્ધપુર તાલુકાઓને બાદ કરતાં અન્ય તાલુકાઓમાં પાતાળકૂવાઓની સગવડો ઘણી ઓછી છે, તેથી ઘાસચારાની ઘણી અછત હોય છે. જે વિસ્તારોમાં પાતાળકૂવાઓ છે ત્યાં પાણીના તળ ઘણાં ઊંડા ગયા છે. એક સર્વે મુજબ દર વર્ષે ૧૨ થી ૧૫ ફુટ પાણી ઊંડા ઉતરે છે. ભવિષ્યનાં વર્ષોમાં પાટણ જિલ્લા માટે પાણીની વિકટ સમસ્યા સર્જાશે એમ લાગે છે. જે પાણી છે તે મોંઘુ બનતુ જાય તે સ્વાભાવિક છે, પાણીની અછતની સમસ્યા ઉકેલ માટે રિચાર્જિંગ પધ્ધતિ અને વરસાદના પાણીનું સંગ્રહ જ ઉત્તમ ઉકેલ છે.

### ૫.૬ ઘાસચારાની સમસ્યા

એક અંદાજ મુજબ (મુડગલ અને પ્રધાન ૧૯૯૮) ભારતીય પશુધનની જરૂરિયાત પૂરી પાડવા માટે ૩૦૯.૧ મિ.ટન લીલોચારો, ૩૫૩ મિ.ટન સૂકોચારો અને ૨૫૪ મિ.ટન દાણની જરૂરિયાત છે. તેની સામે આપણને ૨૬૧ મિ.ટન લીલોચારો, ૩૦૮.૫ મિ.ટન સૂકોચારો અને ૧૬.૫ મિ.ટન દાણ મળે છે. આ ચિંતાજનક સ્થિતીમાં અને એગ્રો કલાઈમેરિકની અસમતુલાના કારણે ઘાસચારાના ઉત્પાદન પર માઠી અસર પડે છે. ઘાસચારાની અછત માટેનાં જવાબદાર કારણોમાં બિન ઉપયોગી પશુઓની મોટી સંખ્યા, ચારાખેતીનો ખૂબ જ ઓછો વિકાસ, નબળા ગૌચર, વારંવાર દુષ્કાળ, ખાણદણ પ્રવૃતિનો ઓછો વિકાસ વગેરેને ગણાવી શકાય. આ કારણોને હલ કરવાથી ઘાસચારાની સમસ્યાને હળવી કરી શકાય.

## ૬. તારણો

૧. પાટણ જિલ્લાઓમાં ખેતી પશુપાલન ક્ષેત્રે રોકાયેલાં માનવશ્રમનુ વસ્તી પ્રમાણ ૭૬% છે.
૨. હેકટરદીઠ ગાયો, ભેંસો, ઘેટા, બકરાં અને ઊટ જેવા પશુઓની સંખ્યા ૧.૩૭%ની છે. જેને વધારી શકાય તેમ છે.
૩. જિલ્લામાં પાટણ, સિધ્ધપુર અને સમી જેવા તાલુકાઓમાં દૂધના ઊંચા પ્રમાણનું માળખુ અન્ય તાલુકાઓમાં પણ ગોઠવી શકાય.
૪. ધાન્ય પાકોના વાવેતર વિસ્તાર સૌથી વધુ ૨૦૯૬૦૦ હેકટર છે. જેના દ્વારા સૂકો ઘાસચરો મળી રહે છે. જે દૂધ વ્યવસાયનું ઉજળુ પાસુ છે. આ વ્યવસાય તરફ લોકો સહભાગી બનતા થયા હોય તેવું જણાય છે.
૫. આ જિલ્લામાં પશુપાલક વર્ગમાં ચૌધરી, પટેલ, રબારી, ભરવાડ, ઠાકોર, મુસ્લિમ, હરિજન વગેરે છે. આ વર્ગ પૈકી ચૌધરી સમાજે પશુપાલન ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી છે. જયારે રબારી અને ભરવાડ લોકો પરંપરાગત પધ્ધતિએ દૂધ ઉત્પાદન કરે છે.
૬. આ જિલ્લામાં સંકર સંવર્ધન સફળ રહયું છે. તેથી કાંકરેજી ગાય સાથે વિદેશી ઓલાદનું સંકરણ કરવાથી દૂધ ઉત્પાદન ઘણુ વધારી શકાય તેમ છે.
૭. આ જિલ્લામાં દૂધનું મુખ્ય બજાર સહકારી ધોરણ હેઠળ થાય છે. આથી પશુપાલકોનું શોષણ થવાની શકયતા ઘણી ઓછી છે.
૮. દૂધ ઉત્પાદન માટે લીલોચારો, સમતોલ દાણ, પશુઓની ઓલાદ, દૂઝણા પશુઓની સંખ્યા પશુપાલન વ્યવસ્થા વગેરે જેવા ટેકનિકલ પરિબળો ખૂબ જ મહત્ત્વના છે.
૯. રાધનપુર, સાંતલપુર, હારીજ જેવા તાલુકાઓમાં પાયાની સગડો અને ટેકનિકલ સગવડો ઓછી છે, તેથી દૂધ ઉત્પાદન ઓછું છે.
૧૦. ઉત્તમ પ્રકારની ગાય ભેંસો આ જિલ્લાઓમાંથી મોટા શહેરોમાં જાય છે.

## સંદર્ભસૂચી

૧. અર્થસંકલન વર્ષ ૨૦૦૦ પેજ નં. ૨૮૩
૨. અર્થસંકલન વર્ષ ૧૯૯૪ પેજ નં. ૧૫
૩.યોજના નવે. ૨૦૦૦ પેજ નં. ૧૮
૪.જિલ્લાની આંકડાકીય રૂપરેખા (પાટણ) વર્ષ ૨૦૦૯–૧૦
૫.ઉત્તર ગુજરાતમાં ડેરી ઉદ્યોગનો આર્થિક અભ્યાસ– પ્રા. ઈલાબેન ડી. સાગર
૬.www.dahd.nic.in
૭.www.en.wikipedia.org/wiki/animal_husbandry
૮.www.chaudharydairyfarm.com